# વડાગામ પંચાયત દ્વારા ગણેશપુરાના રહિશોને અન્યાય : જિલ્લા કક્ષાએ ઉગ્ર રજૂઆત

## રહિશોએ સત્વરે ન્યાયની માંગ કરી

વડગામ, તા.૭

વડાગામ ગ્રામ પંચાયતમાં સ્થિત ગણેશપુરામાં રહેતા રહીશોના રહેણાંક વિસ્તારમાં માર્ગ અને ગટર બનાનવા માટે રહિશોએ અનેક રજૂઆતો ગ્રામ પંચાયતમાં કરી છે પરંતુ ગ્રામ પંચાયત તંત્ર વિકાસના કામમાં રોડા નાખી રહ્યા છે અને અરજદારોને મનસ્વી રીતે ખોટો ત્રાસ આપી ભગાડવા માટે જાત જાતના નુસ્ખાઓ અજમાવી રહ્યા છે. આથી અરદારોએ આ મામલે જિલ્લાના ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી ન્યાયની માંગ કરી છે.

મળેલી વિગત મુજબ ધનસુરા નજીક વડાગામ ગ્રામ પંચાયતમાં વોર્ડ નં. ૧૫ આવેલ છે જયાં સર્વે નં. ૧૩૨માં ગણેશપુરાનો કેટલોક રહેણાંક વિસ્તાર આવેલ છે. આ વિસ્તારમાં મકાનોનીઆગળ પાછળના ભાગે નિયમ મુજબ માર્ગ અને ગટર લાઈન પસાર થાય છે. પરંતુ આ વિસ્તારમાં કોઈ યોગ્ય માર્ગ અને ગટર લાઈનની વ્યવસ્થા ન હોવાથી રહીશો એ આ સંદર્ભે અનેક રજૂઆતો પંચાયત અને તાલુકા તંત્રને કરી છે. ઉપરાંત અરજદારોએ મોડાસા વિસ્તારના ધારાસભ્ય અને રાજેન્દ્રસિંહ ઠાકોરને પણ રૂબરૂ સ્થળ પર બોલાવી તમામ હકીકતથી વાકેફ કરાવ્યા છે પરંતુ ગ્રામ પંચાયતની અયોગ્ય નીતિના કારણે સમગ્રમાં ખાડે પડયો છે અને ગ્રામ પંચાયત અરજદારોની રજૂઆતથી ઠરાવ કરી આપે તો ૫૦ દિવસમાં ધારાસભ્ય ગટર અને માર્ગ ને પોતાની ગ્રાન્ટમાંથી બનાવી આપશે તેવું પણ જણાવ્યું હતું. પરંતુ વડાગામ વિસ્તારના કેટલાક હિસ્ટ્રીસીટરો અને રાજકીય આગેવાનો ટપોરીયો આ વિસ્તારના ગરીબ અને શ્રમિક વર્ગના રહીશોને મનસ્વી રીતે ખોટો ત્રાસ આપી તેમને ભગાડવા માટે જાત જાતના નુસ્ખા અજમાવી રહ્યા છે અને પોલીસની બીક બતાવી ડંડાના જોરે મોં બંધ કરાવવા ધમકીઓ પણ આપી રહ્યા છે. અને અરજદારો માંગે તેવી કોઈ જ સાચી માહિતી પણ તેમને પંચાયત તરફથી આપવામાં આવતી નથી પરિણામે આ શ્રમિકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે અને આ સંદર્ભે જિલ્લા વહીવટી તંત્રમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી ન્યાયની માંગ કરી રહ્યા છે.

## બનાસકાંઠા ભાજપ સંગઠન પર્વના ઈન્ચાર્જ સહ ઈન્ચાર્જ નિમાયા

ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જિલ્લાના સંગઠન પર્વના ઈન્ચાર્જ સહ ઈન્ચાર્જની તાજેતરમાં નિયુક્તી કરવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના આગામી સંગઠન પર્વના ઈન્ચાર્જ તરીકે પ્રદેશ ભાજપે જિલ્લા ઉપપ્રમુખ વસંતભાઈ પુરોહિતની નિયુક્તી કરી છે. જ્યારે સહ ઈન્ચાર્જ તરીકે જિલ્લા ઉપપ્રમુખ માધુભાઈ રાણા અને ડૉ. ભારતીબેન સોનીની નિયુક્તી કરી છે તેમ મીડીયા સેલના કન્વીનરે જણાવ્યું છે.

# નાડા પંચાયતમાં સરપંચની ઉપવાસ આંદોલનની ચીમકી

ખેડબ્રહ્મા, તા. ૭

પોશીના તાલુકાના નાડા ગામ સહીતના ગામોના ધુળીયા રસ્તા ડામરવાળા બનાવવાની વારંવારની માંગણીઓ ન સંતોષાતા નાડા પંચાયતના સરપંચ સોમવારે અચોક્કસ મુદતની ભૂખ હડતાલ કરવાની ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીને લેખિતમાં જાણ કરતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

પોશીના તાલુકાના નાડા-માલવાસ મોવતપુરા-મીઠીવેડી-દાસકુવોતળાવકુવો તથા કસ્તાર કુવાના લોકો આઝાદી પછીના ઘણા વર્ષો પણ ધુળીયા રસ્તાથી તોબા પોકારી ઉઠ્યા છે. આ રસ્તા માટી કામ કરી પથ્થર પીચીંગવાળા રસ્તા બનાવી પાકા ડામરરોડની સુવિધા પુરી પાડવા તંત્ર સમક્ષ વારંવાર લેખિત અને મૌખિક રજુઆતો કરી છે. તેમ છતાં તંત્ર દ્વારા એકપણ ડામર રોડ મંજુર કરવામાં ન આવતા લોકોમાં આક્રોશ ફેલાયો છે. આ અંગે ઘટતી કાર્યવાહી ન થતાં પંચાયત અને ગામલોકો સાથે મળીને સોમવારના રોજ ૧૧ વાગે ગાંધી ચિંધ્યા માર્ગે અચોક્કસ મુદતની ભુખ હડતાલ કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ અંગે નાડા સરપંચ સહીત લગત અધિકારીઓને લેખિતમાં પ્રાંત કચેરી ખેડબ્રહ્મા સમક્ષ ભુખ હડતાલ કરવાની જાણ કરી છે.

# માલપુરના મીઠા સીતાફળની ગુજરાતમાં માંગ

મોડાસા, તા. ૭

માલપુરમાં ૯ કિલોમીટર જેટલા વિશાળ જંગલમાં કુદરતી મીઠા મધુર સીતાફળની માંગ ગુજરાતમાં ઠેર ઠેર વધવા લાગી છે. જેથી માલપુરની વન મંડળીઓ દ્વારા આ સીતાફળનું વેચાણ ચાલુ કરવામાં આવ્યું અને સીતાફળ મુંબઈ, અમદાવાદ, વડોદરા, સુરત મોકલવામાં આવે છે.




(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)



અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના જેસીંગપુર ફોરેસ્ટ જંગલ નવ કિલો મીટર જેટલા વિસ્તારમાં પથરાયેલું છે. આ જંગલમાં મોટા ભાગે સીતાફળ થાય છે જેથી વન વિભાગ દ્વારા આ સીતાફળ માટે પ્રાઈવેટ કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. આ વખતે આ જેસીંગપુર સીતાફળનો કોન્ટ્રાક્ટ માલપુરની વન મંડળીઓ દ્વારા લેવામાં આવ્યો છે અને આ વન મંડળી દ્વારા સીતાફળ ગુજરાત તેમજ ગુજરાત બહાર માંગ વધતા મોકલવામાં આવે છે. માલપુરના નવ કિલોમીટર જેટલા વિસ્તારમાં પથરાયેલ સીતાફળના જંગલમાં પાકતા સીતાફળ ખાવામાં મીઠાં હોવાથી ઠેર ઠેર આની માંગ વધવા લાગી છે. જેથી ઠેકેદારો દ્વારા આ સીતાફળને ૧૦ કિલોના બોક્સમાં પેકીંગ કરવામાં આવે છે અને વેચાણ માટે અમદાવાદ, સુરત, મુંબઈ અને રાજકોટ મોકલવામાં આવે છે. આ કામકાજમાં અંદાજે ૧૦૦ કરતા વધારે લોકો રોકાયેલા છે અને આ ૧૦૦ લોકોને સીતાફળના જંગલમાં કામ કરવાથી રોજીરોટી મળે છે સાથે ગુજરાતના દરેક ખૂણે માલપુરના આ સીતાફળની માંગ છે.

વિશાલભાઈ પંડ્યા (ઠેકેદાર)ના વધુમાં જણાવે છે કે, આ માલપુરના જંગલમાં દિવસે ને દિવસે સીતાફળનો પાક ઘટતો જાય છે જેથી જંગલ ખાતા દ્વારા આ જંગલમાં રહેલ સીતાફળના વૃક્ષોની માવજત કરવામાં આવે તો વર્ષા સુધી લોકો આ મીઠા સીતાફળનો આનંદ લેતા રહે.



ટ્રાફિક અમલીકરણ અને શિક્ષણ ઝુંબેશ અંતર્ગત આજે બાયડ પોલીસ દ્વારા આક્રોડીયા પુલ નજીક ટ્રાફિક ડ્રાઈવ કરવામાં આવી હતી. જેમાં પોલીસની ટીમ દ્વારા વાહન ચાલકો ટ્રાફિક નિયમોનું પાલન કરવા અનુરોધ કર્યો હતો અને હેલ્મેટ વગર, સીટ બેલ્ટ વગર વાહન પર ફોનનો ઉપયોગ કરનાર તેમજ કાર પર નિયમ વિરુદ્ધની કાળી ફિલ્મ લગાવનાર વાહન ચાલકોને દંડ ફટકાર્યો હતો. (તસવીર : સમીર બલોચ)

# બનાસકાંઠા સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખના હોદ્દેદારો વરાયા

બનાસકાંઠા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખના હોદ્દેદારોની વરણી બાદ વિવિધ તાલુકા અને શહેરના પણ હોદ્દેદારોની તાજેતરમાં વરણી કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના યુવાનોની સંગઠન પાંખના જિલ્લા પ્રમુખ તરીકે અશોકભાઈ ભોજાણી તેમજ મહામંત્રી તરીકે દશરથભાઈ રાજગોરની નિયુક્તી કરવામાં આવી હતી. ઉપરાંત ઉપપ્રમુખ પદે જયરામભાઈ જોષી, મુનીન્દ્રભાઈ દવે, દિપકભાઈ પુરોહિત મંત્રી તરીકે ભીખાલાલ પુરોહિત, રમેશભાઈ દવેની નિયુક્તી કરાઈ હતી. જ્યારે ડીસા શહેર પ્રમુખ પદે કૌટિલ્યકુમાર પુરોહિત, મહામંત્રી પદે યાજ્ઞિકભાઈ શર્મા, ડીસા તાલુકા પ્રમુખ પદે ભાવેશભાઈ રાજગોર, મહામંત્રી પદે રાજુભાઈ દવે, થરાદ શહેર પ્રમુખ પદે દિપક ઓઝા, મહામંત્રી પદે વસંતભાઈ પુરોહિત લાખણી તાલુકા પ્રમુખ પદે શ્રવણભાઈ દવે, મહામંત્રી પદે દિલીપભાઈ પુરોહિત, સૂઈગામ તાલુકા પ્રમુખ પદે રામેશ્વરભાઈ ગોમોટ, મહામંત્રી પદે ગણેશભાઈ ગોમોટ, ભાભર શહેર પ્રમુખ પદે અનિલભાઈ શર્મા, મહામંત્રી પદે રમેશભાઈ પુરોહિત, ભાભર તાલુકા પ્રમુખ પદે રઘુરામભાઈ જોષી, મહામંત્રી પદે લક્ષ્મણભાઈ જોષી, દિયોદર તાલુકા પ્રમુખ પદે ભરતભાઈ જોષી, દાંતીવાડા તાલુકા પ્રમુખ પદે શશીકાન્ત જાની અને મહામંત્રી પદે મહેન્દ્રભાઈ ત્રિવેદીની વરણી કરવામાં આવી છે તેમ પાલનપુર સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ ગણપતભાઈ જોષીએ જણાવ્યું હતું.

# પાલનપુરના ખારાવાસના રહિશો સફાઈ મામલે આક્રમક

પાલનપુર, તા. ૭

પાલનપુર શહેરના વોર્ડ નં. ૧૨ના ખારાવાસ સહિત અનેક વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અનેક રહેણાંક વિસ્તાર આવેલા છે. જ્યાં નગરપાલિકાતંત્રની બેદરકારીના કારણે છેલ્લા ઘણા સમયથી ઠેર-ઠેર કચકાના ઢગલા યુવાનોએ અગ્રણીઓ સાથે પાલિકાના સત્તાધિશો સમક્ષ કચેરીએ પહોંચી આક્રોશ સાથે રજૂઆત કરી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ખુલ્લી ગટરો અને ઠેર-ઠેર કચરાના ઢગલાના કારણે પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે ત્યારે અનેક રજુઆત છતા કોઈપણ સફાઈ ન થતાં રહિશો આક્રમક બન્યા હતા અને આક્રોશ સાથે પાલિકાતંત્રને રજૂઆત કરી હતી.

પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં. ૧૨ માં ખારાવાસ, વિરબાઈ ગેટ, મીરાગેટ સહિતના અને ખુલ્લી ગટરો ઉભરાવવાના બનાવો બની રહ્યા છે. પરિણામે રહિશો અનેક પ્રકારની બિમારીઓમાં સપડાઈ રહ્યા છે. આથી આ સમસ્યા અંગે અનેકવાર નગરપાલિકા સેનિટેશન અને ચીફ ઓફિસરને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે પરંતુ આજ દિન સુધી સફાઈ ન થતા આજે અનેક મહિલાઓ અને



(તસવીર : બાબુભાઈ પટેલ)

## વડાગામની ક્રશર મશીન બનાવતી કંપનીમાં ચોરી

ધનસુરા નજીક વડાગામ માર્ગ પર આવેલ ખાનગી ક્રશર મશીન બનાવતી કંપનીમાં ગત રોજ હજારો રૂપિયાના કમ્પ્યુટરના ઉપકરણોની ચોરી થવા પામી હતી. આ ખાનગી ક્રશર મશીન બનાવતી કંપનીમાં સ્થિત ઓફિસમાં પાછળના ભાગેથી ચોર ઈસમોએ બારી તોડીને ઘૂસ્યા હતા અને અંદર રહેલા હજારો રૂપિયાના કમ્પ્યુટરના ઉપકરણોની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ચોરી કરવા આવેલા ચોર ઈસમોને કપંનીમાં લગાવેલા સી.સી. ટીવી કેમેરાનીજાણ ન હોવાથી કેમેરામાં બે ચોર ઈસમો કેદ થઈ ગયા હતા. જેથી કંપનીના માલિકે આ ચોરી અંગે સી.સી. ટીવી ફૂટેજના આધારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી જેથી ધનસુરા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુરમાં આજે છ દિક્ષાર્થીનો વરસીદાનનો વરઘોડો અને વિદાય સમારંભ યોજાશે

પાલનપુર, તા.૭

જૈન આચાર્યશ્રી યોગતિલક સુરીશ્વરજી મહારાજ સાહેબના પ્રવચનોથી પ્રભાવિત થી ૧લી ડિસેમ્બરે સુરત મુકામે ૪૫ મુમુક્ષુઓ સંસાર છોડી દિક્ષા ગ્રહણ કરવા જઈ રહ્યા છે તે પૈકી પાલનપુરમાં અભિષેક ટ્રેડીંગ અને જ્ઞાન પરબ લાયબ્રેરી ચલાવતા ૫૦ વર્ષીય ભરતભાઈ શાહ તથા તેમના બે સુપુત્રો સંયમ (ઉ.વ.૧૬) અને દિપ (ઉ.વ.૧૪) તેમજ પાલનપુરની બે દિકરીઓ ધારાબેન (ઉ.વ.૧૭) અને ટવીંકલ (ઉ.વ.૧૩) તેમજ થરા નિવાસી નવીનભાઈની વરસીદાન યાત્રા આજ રોજ સવારે ૮.30 વાગે પાલનપુરમાં નિકળશે તેમજ રાત્રે મુંબઈના પ્રસિધ્ધ સંગીતકાર ઋષભ શાહ દ્વારા સંગીતમય વિદાય સમારંભ યોજાશે. જેમાં દિક્ષાનું મહાત્મય અને દિક્ષા શા માટે? જેવા વિષયોને આવરી લેવામાં આવશે. ભરતભાઈ અને પરીવારજનો દ્વારા નગરજનોને આ કાર્યક્રમમાં જોડાવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે
રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦